# —:: એલોટમેન્ટ લેટર ::—

## "સિધ્ધી એલીગન્સ"

પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, – ૨૦૧૬ની જોગવાઈ હેઠળ સતાધીકારી પાસે રજીસ્ટ્રેશન નં................, તારીખ............, નોંધણી કરાવેલ છે.

(૧) વિકાસકર્તા / પ્રમોટર્સનું નામ :–

**શ્રી વિનાયક ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો**

**(૧) શ્રી ચંદ્રેશભાઈ પ્રવિણચંદ્ર મહેતા**

ધર્મે. હીન્દુ, ઉ.વ.આ.૪૩, ધંધો : વેપાર,

રહે.૬/૧ રાધાકૃષ્ણનગર, ગોંડલ, જી.રાજકોટ.

**(૨) શ્રી પ્રદિપભાઈ બચુભાઈ વસાણી**

ધર્મે. હીન્દુ, ઉ.વ.આ.૪૬, ધંધો : વેપાર,

રહે.જેતપુર, જી.રાજકોટ.

**(૩) શ્રી રાજેશભાઈ રામજીભાઈ કાપડીયા**

ધર્મે. હીન્દુ, ઉ.વ.આ.૪૬, ધંધો : વેપાર,

રહે.ગોંડલ, જી.રાજકોટ.

**(૪) શ્રી નિરજભાઈ પ્રફુલચંદ્ર મહેતા**

ધર્મે. હીન્દુ, ઉ.વ.આ.૪૦, ધંધો : વેપાર,

રહે.કે.વી.રોડ ગોંડલ, જી.રાજકોટ.

**(૫) શ્રી નીખીલભાઈ જયંતકુમાર ગાંધી**

ધર્મે. હીન્દુ, ઉ.વ.આ.૪૬, ધંધો : વેપાર,

રહે.કાડવા ચોક, જુનાગઢ.

**(૬) શ્રી મનીષભાઈ સુર્યકાંતભાઈ વખારીયા**

ધર્મે. હીન્દુ, ઉ.વ.આ.૩૬, ધંધો : વેપાર,

રહે.માધવ પાર્ક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

**ઉપરોકત ભાગીદાર નં.૪ તથા ૬ જાતે તથા અન્ય ભાગીદારોના વહિવટકર્તા દરજજે**

...૨

Scanned by CamScanner

(૨) **પરિયોજના / પ્રોજેકટનું નામ :–**

**"સિધ્ધી એલીગન્સ"**

(૩) **સરનામું :– "સિધ્ધી એલીગન્સ",**

"સિધ્ધી–૪" એપાર્ટમેન્ટ, તીરૂપતીનગર મેઈન રોડ, ફોર્ચ્યુન હોટલ સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

(૪) **એલોટ કરવામાં આવેલ ફલેટની વિગત :–**

ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરના **મવડી** વિસ્તારના **રેવન્યુ સર્વે નં.૯૩ પૈકી**ની રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ કે જે "સહજાનંદનગર" તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૮૫**ની જમીન ચો.મી.આ.૧૬૭–૧૭ બરાબર ચો.વા.આ. ૧૯૯–૯૩ તથા **પ્લોટ નં.૮૬**ની જમીન ચો.મી.આ.૧૬૭–૧૭ બરાબર ચો.વા.આ. ૧૯૯–૯૩ મળી કુલ જમીન **ચો.મી.આ.૩૩૪–૩૪** બરાબર **ચો.વા.આ.૩૯૯–૮૬** ઉપર બાંધવામાં આવેલ **"સિધ્ધી એલીગન્સ"** તરીકે ઓળખાતી બિલ્ડીંગના ...... ફલોર ઉપર આવેલ ફલેટ નં....... કે જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ..........., (કારપેટ એરીયા ચો.મી.આ.....–.....) છે.

(૫) **એલોટીનું નામ :–**

**સરનામું :–**

(★) (૬) **એલોટ કરવામાં આવેલ ફલેટની વેચાણ કિંમત :–**

એલોટી આથી કબુલ કરે છે કે તેઓએ નીચેની વિગતો આ એલોટમેન્ટ લેટરમાં સહી પહેલા સંપુર્ણ ચકાસેલ છે. અને તે બાબતે તેઓને સંપુર્ણ સંતોષ થયેલ છે.

(૧) **વિકાસકર્તા / પ્રમોટર્સ**ના ઉપરોકત **"સિધ્ધી એલીગન્સ"** બિલ્ડીંગમાં માલીકી બાબતે હકક ઈલાખા (ટાઈટલ)ની સ્થિતી દર્શાવતા સીટી સર્વે દફતરની અધીકૃત નકલો તથા પ્રમોટરના એડવોકેટ દ્વારા આપવામાં આવેલ ટાઈટલ રીપોર્ટ /

...૩

Scanned by CamScanner

એન્કરબ્રન્સ પ્રમાણપત્ર તથા ઉપરોકત પ્રોજેકટ માટેના રાજકોટ મહાનગરપાલીકાએ મંજુર કરેલ આખરી લે–આઉટ / બિલ્ડીંગ પ્લાન / બાંધકામ પરવાનગી વિગેરે એલોટી દ્વારા તપાસવામાં આવેલ છે અને તે બાબતે તેઓને સંપુર્ણ સંતોષ થયેલ છે.

(૨) ઉપરોકત પરિયોજના / પ્રોજેકટની પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલોપમેન્ટ) એકટ–૨૦૧૬ની જોગવાઈ હેઠળ સતાધિકારી પાસેથી રજી.નં.................., તા................ થી નોંધણી કરાવેલ છે. તે નોંધણી પ્રમાણપત્ર તથા આ પ્રોજેકટની જમીન / બાંધકામ પ્લાન યોજના, નિર્દીષ્ટ હકીકતો (Specification) જે પ્રમોટરના આર્કીટેક તથા સ્ટ્રકચર એન્જીનીયર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. તે એલોટી દ્વારા તપાસવામાં આવેલ છે. અને તે બાબતે તેઓને સંપુર્ણ સંતોષ થયેલ છે.

(૩) ઉપરોકત **"સિધ્ધી એલીગન્સ"** માં એલોટીએ બુક કરાવેલ ફલેટ તથા તેમાં આપવામાં આવનાર તમામ સુવિધાઓ, માલ મટીરીયલ્સ, મકાનની વિગત, ફલેટમાં આપવામાં આવનાર તમામ સેનેટરી ફીટીંગ વિગેરેની વિગતો તથા સામાન્ય સુવિધાઓ (Specification & Amenities) તથા બ્રોસરમાં દર્શાવેલ તમામ વિગતોની માહિતી પ્રમોટર દ્વારા એલોટીને આપવામાં આવેલ છે. અને તે તમામ માહિતી એલોટીએ સમજી લીધેલ છે. અને તે બાબતે તેઓને સંપુર્ણ સંતોષ થયેલ છે. તેથી ઉપરોકત ફલેટ આજરોજ પ્રમોટર દ્વારા એલોટીને આ એલોટમેન્ટ લેટર દ્વારા એલોટ (ફાળવણી) કરવામાં આવેલ છે. બંને પક્ષકારો વચ્ચે નકકી થયેલ ઉપરોકત ફલેટના વેચાણ કિંમતના ૧૦% મુજબની રકમ એલોટી દ્વારા પ્રમોટરને ચુકવવામાં આવશે ત્યારે બંને પક્ષકારો વચ્ચે "રેરા" ની જોગવાઈ મુજબનો વેચાણ કરાર રજીસ્ટર કરવામાં આવશે અને રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલોપમેન્ટ) એકટ–૨૦૧૬ની તમામ જોગવાઈઓ બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે અને તેનુ બંને પક્ષકારોએ પાલન કરવાનું રહેશે.



Scanned by CamScanner

(૪) ઉપરોકત **"સિધ્ધી એલીગન્સ"** માં એલોટીએ બુક કરાવેલ ફલેટ માટે સદરહું બિલ્ડીગમાં ફીકસ પાર્કિંગ ........... છે. તથા કોમન પાર્કિંગ ............ છે.

સ્થળ :– રાજકોટ,

તા. /૦૧/૨૦૧૯

.................................

(એલોટી)

.................................

**નિરજભાઈ પ્રફુલચંદ્ર મહેતા** તે
શ્રી વિનાયક ડેવલોપર્સના નામથી ચાલતી
ભાગીદારી પેઢીના ભાગીદાર જાતે તથા
અન્ય ભાગીદારો વતી વહીવટકર્તા દરજજે
(વિકાસકર્તા / પ્રમોટર્સ)

.................................

**મનીષભાઈ સુર્યકાંતભાઈ વખારીયા** તે
શ્રી વિનાયક ડેવલોપર્સના નામથી ચાલતી
ભાગીદારી પેઢીના ભાગીદાર જાતે તથા
અન્ય ભાગીદારો વતી વહીવટકર્તા દરજજે
(વિકાસકર્તા / પ્રમોટર્સ)

Shree Vinayak Developers
M. S. Vakharia
Partner

Scanned by CamScanner